જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૯/૨૦૧૮ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૭૮૮/૧૮

**શહેરકોટડા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં-૧૩૬/૧૮ ધી. ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબના ગુન્હાના કામનો નાસતો ફરતો આરોપીને મુદ્દામાલ સાથે પકડી પાડતી શહેરકોટડા પોલીસ**

સંયુકત પોલીસ કમિશ્નરશ્રી અમીત વિશ્વકર્મા સાહેબ શ્રીની સુચનાથી નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૩ આર.એફ.સંગાડા સાહેબ તથા એ.સી.પી. શ્રી બળદેવ દેસાઇ સાહેબના તથા પોલીસ ઇન્સપેકટર શ્રી એસ.એમ.ચૌધરી સાહેબના સુચનાથી પ્રો.પો.સ.ઇ. પી.વી.ધોકડીયા તથા અ.હે.કો પ્રવિણસિંહ તખતસિંહ બ.નં.૬૩૯૬ તથા અ.પો.કો. હરેશભાઈ મેરાભાઈ બ.નં.૧૦૩૭૭ તથા અ.પો.કો યોગેશકુમાર શશીકાંત બ.નં.૭૩૨૯ તથા અ.લો.ર પરેશભાઈ વાલજીભાઈ બ.નં.૧૨૪૨૧ તથા વુ.લો.ર. દિપિકાબેન જીજ્ઞેશભાઈ બ.નં.૧૦૬૫૯ વિગેરે સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન અ.પો.કો યોગેશકુમાર શશીકાંત બ.નં.૭૩૨૯ તથા અ.લો.ર પરેશભાઈ વાલજીભાઈ બ.નં.૧૨૪૨૧ નાઓએ અમોને બાતમી હકીકત આપેલ કે શહેરકોટડા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં-૧૩૬/૧૮ ધી. ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબના ગુનાના કામના આરોપી અમદાવાદ શહેરમાં નાસતા ફરતા હોય જેઓ હાલ અનીલ સ્ટાર્ચ રોડ ઉપર ચામુંડાનગરની ચાલીના નાકેથી પસાર થયેલ છે તેવી બાતમી હકીકત આધારે સદરી જગ્યાએ અમો બીજા સાથેના સ્ટફના માણસો સાથે બાતમી હકીકત વાળી જગ્યાએ પર જઈ તે ઈસમને રોકી બે રસ્તે જતા પંચોને સ્થળ પર રોકી હકીકતથી વાકેફ કરી સદરી ઈસમનુ નામ-ઠામ પુછતા તેણે પોતે પોતાનુ નામ કિશન ઉમેશભાઈ ભીખાજી જાતે-વણજારા (મારવાડી) ઉ.વ.૨૩ હાલ રહે-ઈંદુમતી સોમચંદની ચાલી બાર ઓરડી અનીલ સ્ટાર્ચમીલની પાછળ સરસપુર અમદાવાદ શહેર મુળ રહે-ગામ:છોટા વિટોરા તા:મારવાડ જંકશન જી:પાલી (રાજસ્થાન) નાઓ હોવાનુ જણાવેલ જેઓની શકના આધારે તેની પાસે રાખેલ બેગની અંગજડતી કરતા તેની પાસે રાખેલ બેગમાંથી એક સોની કંપનીનો "SLT-A58" મોડલનો કાળા કલરનો કેમેરો મળી આવેલ જેની હાલની કિ.રૂ. ૬૦,૦૦૦/- જેટલી ગણી જે કેમેરાનુ બીલ માંગતા શરૂમાં ગલ્લા-તલ્લા કરેલ.

બાદ તેની વધુ પુછપરછ કરતા પોતે આ કેમેરો તા.૦૫/૦૯/૨૦૧૮ ના રોજ બાપુનગર ચીરાગ ડાયમંડ એસ્ટેટની બાજુમાં આવેલ ખેતલાઆપા ટી સ્ટોલમાંથી ચોરી કરેલાનુ જણાવેલ જેથી પંચનામા વિગતે સદરી કેમેરો તપાસ અર્થે કબ્જે કરી સદરી ઈસમને તા.૧૧/૦૯/૨૦૧૮ ના કલાક ૧૬/૦૦ વાગે પકડી અટક કરી આગળની કાર્યવાહી પ્રો.પો.સ.ઈ પી.વી.ધોકડીયા નાઓએ હાથ ધરેલ છે.

## દેશીબનાવટના તમંચા (કટ્ટુ) સાથે આરોપીને પકડી પાડતો શહેરકોટડા પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ

સંયુક્ત પોલીસ કમિ.શ્રી અમીત વિશ્વકર્મા સાહેબ શ્રી તથા મે. નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૩ આર.એફ.સંગાડા સાહેબ તથા એ.સી.પી. શ્રી "ડી" ડીવીઝન સાહેબ તથા શહેરકોટડા પોલીસ સ્ટેશનના સીની.પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ.એમ.ચૌધરીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. એસ.એસ.પરમાર નાઓને સર્વે સ્કોર્ડના પો.કો સુનિલકુમાર માણેકલાલ બ.નં.૩૯૫૧ તથા પો.કો કનકસિંહ નટવરસિંહ બ.નં.૩૩૮૧ નાઓએ આપેલ સંયુક્ત બાતમી હકિકત આધારે શીવશક્તિનગર ઔડાના મકાન અમદુપુરા ખાતે મકાન નં.૮૨/૩ ખાતે રેઇડ કરી આરોપી રવિન્દ્રસિંહ ઉર્ફે બબલુ સ/ઓ લક્ષ્મણસિંહ ભદોરીયા ઉ.વ.૪૦ રહે. ૮૨/૩ શીવ શક્તિનગર ઔડાના મકાન સફલ-૪ની બાજુમાં અમદુપુરા અમદાવાદ શહેર મુળ ગામ કયારીપુરા તા.અટેર પોસ્ટ શીરપુરા જી. ભીંડ મધ્ય પ્રદેશ નાને એક દેશી બનાવટના તમંચા (કટ્ટુ) સાથે તા.૧૨/૦૯/૨૦૧૮ ના કલાક ૨૧/૫૫ વાગ્યે પકડી અટક કરી આરોપી વિરુધ્ધમાં શહેરકોટડા પો.સ્ટે સેકન્ડ ગુ.ર.નં.૩૪૨૫/૧૮ ધી આર્મ્સ એકટ કલમ ૨૫(૧)(બી)(એ) મુજબ નો ગુનો દાખલ કરી આગળની વધુ તપાસ હાથ ધરવામાં આવેલ છે

## વાહન ચોરીના ગુનાના કામે આરોપીઓને પકડી પાડતી આનંદનગર પોલીસ સ્ટેશન

મે.સંયુકત પોલીસ કમીશ્નરશ્રી સેકટર-૧ સા. તથા નાયબ પોલીસ કમીશ્નરશ્રી ઝોન-૭ સા. નાઓએ વાહનો ચોરી શોધી કાઢવા તથા અટકાવવા સારૂ આપેલ સુચના આધારે પોલીસ ઇન્સ્પેકટરશ્રી આનંદનગર પોલીસ સ્ટેશન નાઓના માર્ગ દર્શન હેઠળ સર્વેલન્સ પોલીસ સબ ઇન્સ્પેકટર કે.ડી.જાદવ તથા પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી કે.બી.મીર પોલીસ સ્ટાફના તથા હે.કો.મગનભાઇ નરસિંહભાઇ તથા પો.કો.શૈલેષભાઇ મોહનભાઇ તથા પો.કો. વિજયભાઇ મગનભાઇ તથા પો.કો.કીરીટભાઈ જેરામભાઇ નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન આરોપીઓ (૧) રોહિત સ/ઓ કાનજીભાઇ બાબરભાઇ રબારી ઉવ.૧૯ રહે, હર્ષિતનગરના છાપરામાં એન.એફ.ડી.સર્કલ પાસે રામાપીરના મંદિર સામે બોડકદેવ વસ્ત્રાપુર અમદાવાદ શહેર મુળ ગામ નવા કલાણા પોસ્ટ રાવિન્દ્રા તા.હારીજ જિ.પાટણ તથા (૨) પ્રકાશકુમાર સ/ઓ મેઘનાથ પુત્તુલાલ સાકે ઉવ.૨૨ રહે,જામાભાઇ મકવાણાના વાડામાં વંસરી વિલ્લા સોસાયાટી ની બાજુમાં ઇસ્કોન મંદિર પાછળ સેટેલાઈટ અમદાવાદ શહેર મુળગામ સોના જાનકીપુર તા. કાયમગંજ પો.સ્ટે. નવાબગંજ જિ.ફરૂકાબાદ (યુ.પી.) નાઓને આજરોજ તા.૧૩/૦૯/૨૦૧૮ ના કલાક ૧૬/૩૦ વાગે પકડી અટક કરી આનંદનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૧૨૪/૨૦૧૮ ઇ.પી.કો.કલમ ૩૭૯,૧૧૪ મુજબનાં કામે ચોરીએ ગયેલ ઓટો રીક્ષા નં.જી.જે-૦૧-ટી.એ.-૩૬૭૯ કિંમત રૂપિયા ૧,૨૦,૦૦૦/- ની મતા કજબે કરી આગળની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**બાપુનગર પોલીસ સ્ટેશન**

પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ તથા મદદનીશ પોલીસ કમિશરશ્રી " એચ" ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ મિલ્કત સંબંધી ગુનાઓ બનતા અટકાવવા સારુ અસરકારક અટકાયતિ પગલાં લેવા કરેલ હુકમ અન્વયે પોલીસ ઇન્સ્પેકટર શ્રી એચ.બી.ચૌધરી બાપુનગર પો.સ્ટે.અમદાવાદ શહેર તથા સ્ટાફના માણસોએ ગોમતીપુર વિસ્તારમાં રહેતા સદ્દામ હુસૈન ઉર્ફે સદ્દામ ફોરમને સ/ઓ અબ્દુલ વકાર શેખ ઉવ.૨૭ રહે.૫૯, સુલતાન કરીમ જુની મેળાવાળી ચાલી મોનાગ્રામ મીલ પાસે રખિયાલ અમદાવાદ શહેર હાલ રહે.વાઘરીવાસ રીઝવાનબાનુંના મકાનમાં શમશેરબાગ પાસે ગોમતીપુર અમદાવાદ શહેર નાનો મિલ્કત સંબંધી ગુનાઓ કરવાની પ્રવૃતિ સાથે સંકળાયેલ હોય. તેના વિરુધ્ધ નોંધાયેલ ગુનાઓ આધારે પુરાવા એકત્રિત કરી પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી સમપક્ષ સાદર કરતાં તેઓ સાહેબે પાસા હુકમ ક્રમાંક પીસીબી/ડીટીએન/પાસા/૭૯૫/૨૦૧૮ તા.૨૯|૦૮|૨૦૧૮ અન્વયે હુકમ કરતાં મજકુર પાસા અટકાયતિને આજરોજ તા.૧૩|૦૯|૧૮ ના કલાક ૧૯.૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી " રાજકોટ જેલ" ખાતે પાસા અટકાયતિને જરૂરી જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરેલ છે. તા.૧૩|૦૯|૧૮

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.